પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર,
ખાસ શાખા, ફોન નં. ૦૨૮૧-૨૪૪૧૦૭૬,
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS) ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે કાઢેલ હુકમ******

ક્રમાંકઃએસબી/H.S.C.-S.S.C પૂરક પરીક્ષા/ જાહેરનામું/૨૪૧૫/૨૦૨૫

તા.૧૯/૦૬/૨૦૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી જાહેર રજાના દિવસો સિવાયના દિવસો દરમ્યાન એસ.એસ.સી./એચ.એસ.સી. સામાન્ય/વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા, રાજકોટ શહેર, પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુદી-જુદી શાળાઓમાં કુલ-૩૦ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જેમાં તા.૨૩/૦૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫, તા.૨૬/૦૬/૨૦૨૫, તા.૨૮/૦૬/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫, તા.૦૧/૦૭/૨૦૨૫ સુધી દરરોજ સવારે કલાક ૧૦/૦૦ થી કલાક ૧૩/૧૫ વાગ્યા સુધી એસ.એસ.સી.ની પૂરક પરીક્ષા કુલ-૧૯ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. તથા ૨૩/૦૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫, તા.૨૬/૦૬/૨૦૨૫, તા.૨૮/૦૬/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫, તા.૦૧/૦૭/૨૦૨૫, તા.૦૨/૦૭/૨૦૨૫, તા.૦૩/૦૭/૨૦૨૫ ના સવારે કલાક ૧૦/૩૦ થી કલાક ૧૩/૪૫ વાગ્યા સુધી તથા બપોરે કલાક ૧૫/૦૦ થી કલાક ૧૮/૧૫ વાગ્યા સુધી એચ.એસ.સી.(સામાન્ય પ્રવાહ)ની પૂરક પરીક્ષા કુલ-૦૪ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવાનાર છે. તથા ૨૩/૦૬/૨૦૨૫, તા.૨૪/૦૬/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫, તા.૨૬/૦૬/૨૦૨૫, તા.૨૮/૦૬/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫, સુધી દરરોજ બપોરે કલાક ૧૫/૦૦ થી કલાક ૧૮/૩૦ વાગ્યા સુધી એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ)ની પૂરક પરીક્ષા કુલ-૦૭ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે.

આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ કોઇપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઇ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિધાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઇ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી રવિવારની જાહેર રજાના દિવસ સિવાય કલાક ૦૮/૦૦ થી કલાક ૧૯/૩૦ સુધી રાજકોટ શહેરના જે-જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં પરીક્ષા લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ)ના કંપાઉન્ડમા તેમજ તેની ચારેય બાજુ ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી કે શાળાઓ (કેન્દ્રો)માં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહી કે ડી.જે/ લાઉડ સ્પીકર વગાડી શકશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઇ જઇ શકશે નહી. વિગેરે બાબતોને લઇને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું મહેન્દ્ર બગડીયા, (I.P.S.), ઇ.ચા.પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS) ૨૦૨૩ ની કલમ – ૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ ની કલમ – ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. નીચે જણાવેલ વિસ્તારોમાં તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ સુધી જાહેર રજાના દિવસ સિવાયના દિવસો દરમ્યાન કલાક ૦૮/૦૦ થી કલાક ૧૯/૩૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છુ.

****** કૃત્યો ******

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નકકી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહી

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહી

(૪) શાળાઓ(પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહી

(૫) શાળા(પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન જેવા ઇલેકટ્રોનીક સાધનો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જવા નહી તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઇ જવા નહી.

(૬) શાળા (પરીક્ષા કેન્દ્રો) ના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઇ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને તે ઓળખકાર્ડ સબંધિતોએ પહેરવાનુ રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી.

(૭) શાળા (પરીક્ષા કેન્દ્ર)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

**♣♣♣♣: વિસ્તાર ♣♣♣♣**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોં

**♣♣♣♣ અપવાદ ♣♣♣♣**

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ.

(૨) કોઈ લગ્નના વરઘોડાને (શરતોને આધીન મંજુરી મેળવેલ)

(૩) કોઈ સ્મશાન યાત્રાને

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી.ના અધિકારી તથા જવાનો

**♣♣♣♣ શિક્ષા ♣♣♣♣**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તા. ૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સીકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(મહેન્દ્ર બગડીયા)
ઇ.ચા.પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

સવિનય નકલ રવાના :

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પરીક્ષા સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર નં.૧૦-બી, સચિવાલય પાસે, ગાંધીનગર.

(૩) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર નં.૧૦-બી, સચિવાલય પાસે, ગાંધીનગર.

(૪) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.

(૫) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.

(૬) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર / વડોદરા શહેર / સુરત શહેર.

<u>નકલ રવાનાઃ-</u>

(૧) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ જીલ્લા, રાજકોટ.
(૨) કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૪) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૫) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.
(૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧ / ઝોન-૨ / ક્રાઇમ અને ખાસ શાખા / ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૭) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, રાજકોટ શહેર.
(૮) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ જીલ્લા, રાજકોટ.
(૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૦) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ.........................(ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૧) નિયામકશ્રી, માહીતી ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગુ.રા.,ગાંધીનગર.
(૧૨) આસીટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે., રાજકોટ રીજીયનની કચેરી, રાજકોટ.
(૧૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી / પોલીસ ઇન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે., રાજકોટ.
(૧૪) તમામ પોલીસ ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર...(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવાસારૂ તેમજ પો.સ્ટે.વિસ્તારમાં જાહેર જગ્યા ઉપર આ જાહેરનામાની પ્રસિધ્ધી પ્રત્યેક માણસ જોઇ શકે, જાણી શકે, વાંચી શકે તે રીતે ચોંટાડવી તેમજ પરીક્ષા કેન્દ્રો જે જે શાળાઓમાં આવેલ છે તે શાળાઓના નોટીસ બોર્ડ પર લગાવવા સારૂ).

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(૧૪) તમામ સ્કોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર
(૧૫) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર........................................
(૧૬) રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ સોલા, અમદાવાદ.
(૧૭) રજીસ્ટારશ્રી ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૮) રજીસ્ટારશ્રી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, ચીફ કોર્ટ, રાજકોટ.
(૧૯) રજીસ્ટારશ્રી એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૨૦) એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, રાજકોટ શહેર / પુર્વ / પશ્ચિમ / દક્ષીણ અને ગ્રામ્ય, કલેટકર કચેરી, રાજકોટ શહેર
(૨૧) ઝોનલ અધિકારીશ્રીઓ, એચ.એસ.સી. માર્ચ-૨૦૨૪ ઝોન-૨૪/૨૫/૫૫. C/O શ્રી કરણસિંહજી હાઇસ્કુલ, ભુપેન્દ્ર રોડ, સીટી ગેસ્ટ હાઉસ સામે, રાજકોટ.
(૨૨) ઝોનલ અધિકારીશ્રીઓ, એસ.એસ.સી. માર્ચ-૨૦૨૪ ઝોન-૬૮/૬૯. C/O શ્રી જી.ટી.ગર્લ્સ હાઇસ્કુલ, ત્રીકોણબાગ પાસે, રાજકોટ.
(૨૩) ઝોનલ અધિકારીશ્રીઓ, એસ.એસ.સી. માર્ચ-૨૦૨૪ ઝોન- ૭૨. C/O શ્રી બાઇસાહેબબા ગર્લ્સ હાઇસ્કુલ, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
(૨૪) પો.ઇન્સ. શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૫) એ.સી.પી.શ્રી, સાયબર ક્રાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૬) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
<u>(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)</u>